# ખેડુત ઉપયોગી ભલામણ

કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિધાલય, નવસારી ખાતે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના મોજણી અને નિગાહ આધારિત પાક રોગ જીવાત પૂર્વાનુમાન પધ્ધતિ' હેઠળ નવસારી, તાપી તેમજ સુરત જીલ્લામાં પાપડીમાં લીલી ઈયળનો તેમજ મરચી અને ટામેટાના પાકમાં કોકડવા (લીફ કર્લ) રોગનો ઉપદ્રવ માલુમ પડેલ છે જેના નિયંત્રણ માટે ખેડૂતોને નીચે મુજબના પગલા હાથ ધરવા જણાવવામાં આવે છે.

**પાપડીમાં લીલી ઈયળના નિયંત્રણ માટેઃ**

લીલી ઈયળના ઉપદ્રવની તીવ્રતા જાણવા માટે હેકટર દીઠ એક પ્રકાશપિંજર અથવા ૪ થી ૫ ફેરોમોન ટ્રેપ ગોઠવવા તેમજ નિયમિત રીતે પાકમાં મોજણી કરતા રહેવુ.

જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા, નવસારી કૃષિ યુનિવસિટી, નવસારી ખાતે ક્રાયસોપર્લાની ઈયળનો ઉછેર કરવામાં આવે છે જે આ જીવાતના ઈંડા તેમજ પ્રથમ અવસ્થાની ઈયળોનુ ભક્ષણ કરી જીવાતના ઉપદ્રવને કાબુમાં રાખે છે. જેથી વાવણી બાદ ૪૫ દિવસથી શરૂ કરી દર અઠવાડિયે ક્રાયસોપર્લા કાર્નિયાની એક ઈયળ પ્રતિ છોડ છોડવી. કીટકશાસ્ત્ર વિભાગમાં મળતા એક ક્રાયસોકાર્ડમાં ક્રાયસોપર્લાના ૧૦૦ ઈંડા હોય છે.

લીલી ઈયળમાં વાયરસ પેદા કરતું એચ એનપીવીનું પ્રતિ હેકટર ૨૫૦ લાર્વલ યુનિટ એટલે કે ૧૦ લીટર પાણીમાં ૮ થી ૧૦ મીલી વાયરસનું દ્રાવણ + ૧૦ મીલી ટીપોલ કે સેન્ડોવીટ ભેળવીને સાંજના સમયે  છંટકાવ કરવાથી આ જીવાતનું અસરકારક રીતે નિયંત્રણ થઈ શકે છે.

વહેલી સવારે અને મોડી સાંજે મોટી અવસ્થાની ઈયળો ભેગી કરી નાશ કરવો. બેસીલસ થુરીન્જીએન્સીસ પ્રતિ હેકટરે ૧ કિલોગ્રામ પ્રમાણે  ૧૦ લીટર પાણીમાં ૨૦ ગ્રામ પ્રમાણે ભેળવીને છંટકાવ કરવાથી પણ આ જીવાતને કાબુમાં રાખી શકાય છે તે ઉપરાંત લીલી ઈયળનું રાસાયણિક નિયંત્રણ કરવા માટે જંતુનાશક દવાઓ જેવીકે ઈન્ડોકસાકાર્બ ૧૪.૫ ટકા એસસી ૫ મીલી અથવા સ્પીનોસાડ ૨.૫ ટકા ઈસી ૯ મીલી અથવા નોવાલ્યુરોન ૧૦ ટકા ઈસી ૭.૫ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવાથી પણ આ જીવાતના ઉપદ્રવને કાબુમાં રાખી શકાય છે.

**મરચી અને ટામેટાના પાકમાં કોકડવાના નિયંત્રણ માટે :**

આ રોગ સફેદ માખીથી ફેલાતો હોવાથી આ જીવાતના નિયંત્રણ માટે રોપણીના ૨૦ દિવસ બાદ ડાયકલોરવોશ  ૭૬ ટકા ઈસી ૫ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ઓગાળી વારાફરતી ૧૦ થી ૧૨ દિવસના અંતરે જરૂરિયાત મુજબના છંટકાવ કરવા.

મરચીના પાકમાં થ્રિપ્સ અને કથીરીના નુકસાનથી પણ કોકડવા જેવા લક્ષણો જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં થ્રિપ્સના નિયંત્રણ માટે ટ્રાયેઝોફોસ ૪૦ ઈસી ૧૦ મીલી અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ ટકા એસએલ ૩ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૦ થી ૧૨ દિવસે વારાફરતી છંટકાવ કરવો.

પાનકથીરીના નિયંત્રણ માટે ફેનાઝાકવીન ૧૦ મીલી અથવા ડાયકોફોલ ૧૮.૫ ટકા ઈસી ૧૫ મીલી અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈસી ૧૦ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ઉમેરીને છંટકાવ કરવો.

ખેતરમાંથી નીંદણ અને ઘાસ ચારો કાઢી નાંખવો જેથી ખેતરની આજુ બાજુ  સફેદ માખીને આશરો મળે નહી.

વનસ્પતિજન્ય જંતુનાશકો જેવાકે લીંબોળીના મીંજનો ભુકો ૫૦૦ ગ્રામ (૫ ટકા અર્ક) અથવા લીંબોળીનુ તેલ ૫૦ મીલી અથવા એઝાડીરેકટીન ૨૦ મીલી (૧ ઈસી) થી ૪૦ મીલી  (૦.૧૫ ઈસી) ૧૦ લીટર પાણીમાં મિશ્રિત કરી ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવો.

| | |
|---|---|
|  |  |
| **લીલી ઈયળ** | **ટામેટાનો કોકડવા (લીફ કર્લ)** |